Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ 8958

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા. ૧૭/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સુરત.જિ.સુરત

આ સાથે સામેલ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી સુરતનો તા.૨૩/૦૫/૨૦૨૪ પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણઃ- ઉકત પરિપત્રની નકલ

<u>ખુબ જ અગત્યનુ/તાત્કાલિક</u>

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in — ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦


નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/2024-25/ ૧૪૪૪૫ થી ૧૪૪૬૨ — તા.22/5/2024 ૨૩

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૨) ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ
(૩) ભગવાન મહાવીર યુનિવર્સીટી
(૪) પી પી સવાણી યુનિવર્સીટી
(૫) સાર્વજનિક યુનિવર્સીટી
(૬) ઉકા તરસાડીયા યુનિવર્સીટી
(૭) વનીતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી
(૮) વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી
(૯) વિદ્યાદીપ યુનિવર્સીટી

3146

વિષય :- વર્ષ : 2018-19, 2019-20, 2020-21, 2021-22 , 2022-23 અને 2023-24 ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2018-19, 2019-20, 2020-21, 2021-22 , 2022-23 અને 2023-24 ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે. કામગીરી પૂર્ણ કરવા બાબતે અત્રેની કચેરી દ્વારા ટેલીફોનિક દ્વારા વારંવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

અત્રેની કચેરી દ્વારા વારંવાર જાણ કરવા છતા તમામ વિદ્યાર્થીઓની અરજી સમયમર્યાદામાં મોકલવામા આવેલ નથી. ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ શૈક્ષણિક વર્ષ 2018-19, 2019-20, 2020-21, 2021-22, 2022-23 અને 2023-24 ની જે શાળાઓની કામગીરી બાકી હોય તેઓને તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી તમામ જરૂરી સાધનિક કાગળો સહિત દિન-07 માં ઘટતિ કાર્યવાહી કરી અત્રેની કચેરી ને રજૂ કરવા જણાવવામા આવે છે.

વધુ માં જણાવવાનું કે જે કોઇ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અત્રેની કચેરી દ્વારા રિજેક્ટ કે પૂર્તતા માટે પરત કરવામા આવેલ છે. તેની યોગ્ય પૂર્તતા કર્યા બાદ જ અરજી ઓનલાઇન મોકલવાની રહેશે .

વધુમાં જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ--2023-24 પૂર્ણ થયેલ હોવા છતાં પણ કામગરી અધૂરી જણાય જે ખૂબ ગંભીર બાબત છે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વર્ષ :2018-19, 2019-20, 2020-21, 2021-22 2022-23 અને 2023-24 ની કામગીરી પૂર્ણ કરવા વિનંતી અને જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તીના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા/કોલેજ ના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
સુરત

નકલ સવિનય રવાના-
માનનીય નિયામકશ્રી , અનુસુચિત જાતિ કલ્યાણ , ગાંધીનગર તરફ જાણ સારૂ